આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૦૬ | ૭ ઓક્ટોબર, ૨૦૧૪, મંગળવાર; આસો સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

મનુષ્ય સ્વભાવની આ કેવી વિચિત્રતા કે એની પાસે જે છે તેમાં એને સુખ ઓછું અનુભવાય છે અને જે નથી તેમાં એને દુઃખ વધુ અનુભવાય છે

- ડો. દક્ષેસ ઠાકર

# આજથી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પરીક્ષા

## જિલ્લાના એક લાખ કરતાં વધુ બાળકોનું મૂલ્યાંકન, ૨૦મી ઓક્ટોબરથી દિપાવલી વેકેશન લાગુ કરાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાની ૯૦૦ જેટલી પ્રા. શાળાઓમાં આજથી પ્રથમ સત્રની કસોટીનો પ્રારંભ થઈ રહ્યો છે. ચાર દિવસ ચાલનારી આ પરીક્ષામાં રોજના બે વિષયોની પરીક્ષા લેવાશે. જેમાં એક લાખ ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે.

નવવરાત્રીના પર્વ બાદ હવે શહેર અને જિલ્લામાં પરીક્ષાનો માહોલ છવાઈ જવા પામ્યો છે. જિલ્લાની પ્રા. શાળાઓમાં આજથી શરૂ થઈ રહેલ પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારીઓ તંત્રએ કરી લીધી છે.

ધો. ૩ થી ૮ ના વિદ્યાર્થીઓનું આ મૂલ્યાંકન પ્રથમ સત્રના અંતિમ તબક્કામાં યોજાઈ રહ્યું છે. આ મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયા બાદ તમામ જિલ્લાઓમાં ૧૫, ૧૬, ૧૭ શિક્ષકોની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લાભરની પ્રા. શાળાઓમાં યોજાનાર આ પરીક્ષામાં પ્રથમવાર પ્રજ્ઞા વર્ગના બાળકોનું પણ મૂલ્યાંકન લેખિતમાં થનાર છે. જિલ્લામાં ૨૦૦ થી પણ વધુ પ્રજ્ઞા વર્ગો ચલાવવામાં આવી રહ્યા છે.

જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં આ મૂલ્યાંકન બાદ દિવાળી વેકેશન ૧૮મીથી શરૂ થશે તેમ જાણવા મળેલ છે. આમ તો વિધિવત્ વેકેશન ૨૦મી ઓક્ટો.થી શરૂ થનાર છે. ૧૮મીએ શનિવાર અને ૧૯મીએ રવિવાર છે.

આ પરીક્ષા એ બાળકોના શૈક્ષણિક મૂલ્યાંકન માટે હોવાથી આ પરીક્ષામાં કોઈને નાપાસ ઘોષિત કરવામાં આવશે નહિ તેમ શિક્ષણના સૂત્રોએ જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે બાળકોને હેતુલક્ષી પ્રશ્નો વધુ પુછવામાં આવશે. બાળકોમાં પરીક્ષા પ્રત્યેનો ભય દૂર થાય તેવુ વાતાવરણ પણ શાળાઓમાં રહે તે જોવાની વિશેષ સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ધો. ૧ અને ૨ ના ૩૦ હજાર જેટલા બાળકોનું મૌખિક મૂલ્યાંકન પણ આ દિવસોમાં જ કરવામાં આવનાર હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

# ચોમાસાની વિધિવત વિદાય

## સરેરાશ ૧૫ ટકા વરસાદની ઘટ અને વાવેતર વિસ્તારમાં પણ ઘટાડા સાથે ચોમાસુ કષ્ટદાયક રહ્યુ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે ચોમાસા દરમિયાન વરસાદની સરેરાશ ૧૫ ટકા ઘટ સાથે ખરીફ ઋતુના વાવેતરમાં પણ સરેરાશ ૧૫ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. જિલ્લામાં ચોમાસાના ચાર મહિના કષ્ટદાયક રહ્યા છે. જો કે હવે ચોમાસાએ વિધિવત્ વિદાય લઈ લીધી છે.

જિલ્લામાં આ વખતે નૈઋત્યના ચોમાસાના દિવસો ઓછા રહ્યા છે એ પણ સૌથી વધુ નોંધનીય ઘટના છે. નૈઋત્યના ચોમાસા ઉપરાંત લોકલ ફિનોમેલાને લઈ થયેલો વરસાદ પણ પૂરતો ન થતાં ખેડૂતોમાં નિરાશાનું મોજુ પ્રસરી જવા પામ્યુ છે.

આ વખતે વરસાદની અનિયમિતતાને લઈ ખેડૂતો જે આકાશી ખેતી પર નિર્ભર હોય છે તેમને સૌથી વધુ નિરાશા સાંપડી છે. ચોમાસાના દિવસો જે સામાન્યતઃ ૪૦ થી ૪૨ જેટલા રહેતા હોય છે તેના બદલે આ વખતે ૨૭ થી ૩૨ જેટલા જ દિવસો વરસાદના રહ્યા છે.

ખેડૂતોએ વરસાદ ખેંચાતા વાવેતર પણ મોડુ શરૂ કર્યુ હતુ. એક તબક્કે જિલ્લામાં દુષ્કાળ જેવી સ્થિતિનું નિર્માણ થવાનો ભય પણ ઉભો થયો હતો, પરંતુ પાછોતરો વરસાદ સારો થયો હતો. આ વખતે ખરીફ ઋતુમાં કપાસ અને દિવેલાના વાવેતર વિસ્તારમાં પણ ઘટાડો નોંધાયો છે. જો કે પશુધનના ઘાસચારાને લઈ જુવાર ઘાસચારાનું વાવેતર સારૂ એવુ નોંધાયું છે.

વરસાદી પેટર્ન બદલાતાં ખેતીની પેટર્નમાં પણ બદલાવ જોવા મળ્યો છે. આ વખતે રોકડિયા પાક ગણાતા શાકભાજીના પાકોનું વાવેતર સારૂ થયું હતું.

ચોમાસાના આ દિવસો દરમિયાન ગાંધીનગર જિલ્લામાં ૬ વ્યક્તીઓના મોત નીપજ્યા છે. જો કે પાંચ કિસ્સામાં તંત્રએ મુખ્યમંત્રીશ્રીના રાહતનિધિમાંથી સહાય ચુકવવાની કામગીરી પણ કરી દીધી છે.

ચોમાસુ જિલ્લા માટે એકંદરે કષ્ટદાયક રહ્યુ. ગરમીનું પ્રમાણ પણ ચોમાસાના પ્રારંભ અને અંતમાં ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ખેડૂતો પણ ખેતી નિષ્ફળ રહી હોવાની લાગણી વ્યક્ત કરી રહ્યા છે. જો કે થયેલા વરસાદને કારણે જિલ્લામાં જળસંકટ અને ઘાસચારાનું સંકટ ટળી ગયું છે. ગાંધીનગર જિલ્લામાં વરસાદને કારણે મિલ્કતોને નુકશાન જરૂર થયુ છે પરંતુ તે સહન થઈ શકે તેવુ છે. કલોલ મહેસાણા હાઈવે એક દિવસ માટે બંધ કરવો પડ્યો હતો. તો બીજા દિવસે પાણીનો નિકાલ થતાં હળવા વાહનોને છૂટ અપાઈ હતી અને સંપૂર્ણ નિકાલ થતાં વાહન-વ્યવહારથી ધમધમતો થયો હતો.

જિલ્લામાંથી હવે ચોમાસાની વિધિવત્ વિદાય થઈ ગઈ છે. હજુ ગરમીનો પ્રકોપ ઉનાળા જેવો જ છે



ઈદ-ઉલ-અજહા : ગાંધીનગર ખાતે મુસ્લિમ બિરાદરોએ આજે વહેલી સવારે ઈદ-ઉલ-અજહાની પવિત્ર નમાજ અદા કરી હતી... નમાજ બાદ મુસ્લિમ બિરાદરોએ એક-મેકને મુબારકબાદી પાઠવી હતી. સુખ-શાંતિની દુવાઓ માંગી હતી.... (તસવીર : દિપક જાની)


## NEWS બિટ્સ

**● ભારતમાં અમીર-ગરીબની અસમાનતામાં વધારો : યુનો**

ભારત સહિત એશિયન-પેસેફિક રાષ્ટ્રોમાં અમીરો અને ગરીબો વચ્ચેની ખાઈ વધી રહી હોવાનું સંયુકત રાષ્ટ્ર દ્વારા જાહેર કરવામાં આવેલા એક રિપોર્ટમાં જણાવાયું છે. ભારતમાં ૧૯૯૦ તથા ૨૦૦૦ના દાયકામાં આવક અસમાનતાનો દર ૩૦.૮ ટકા હતો જે હવે વધીને ૩૩.૯ ટકા થવા પામ્યો છે.

**● મોદી-ઓબામાની બેઠકમાં કાશ્મીર મુદ્દો ચર્ચાયો નહોતો**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ



તાજેતરમાં વોશીંગ્ટન ખાતે અમેરિકાના પ્રમુક બરાક ઓબામા સાથે લગભગ ૯૦ મીનીટ ચર્ચા કરી હતી પરંતુ આ ચર્ચામાં કાશ્મીર મુદ્દાનો ઉલ્લેખ સુધ્ધાં કરાયો નહોતો જો કે અમેરિકી પ્રમુખે અફઘાનિસ્તાન ખાતેના વિકાસ કાર્યોમાં ભારતની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

**● સી-વોટરના સર્વેમાં મહારાષ્ટ્ર-હરિયાણામાં ખીચડી સરકારના સંકેત**

મહારાષ્ટ્ર અને હરિયાણામાં યોજાનાર ધારાસભ્યની ચુંટણીમાં કોઈ પણ પક્ષને સ્પષ્ટ બહુમતી મળે તેવા અણસાર જણાતા નથી. તાજેતરમાં બે ટીવી ચેનલો માટે સી વોટર દ્વારા હાથ ધરવામાં આવેલ એક સર્વેક્ષણમાં આ શકયતા રજૂ કરવામાં આવી છે.



દિપાવલી આગમનના એંધાણ - શરદ પૂનમ બાદ દિવાળીનું કાઉન્ટ-ડાઉન શરૂ થશે... દિવાળીના આગમનના પગલે કોડિયા બનાવવા માટે ઠેરઠેર ચાકડા ગોળગોળ ઘુમવા લાગ્યા છે... પ્રકાશના પર્વની ઉજવણીનો મહિમા દિવડાથી શોભે છે... રંગીન બલ્બની સીરઝ હોય કે અવનવી લાઈટ હોય પણ દિવાળીની શોભા કોડિયામાં પેટાવાતા દિવાથી જ વધે છે... જાતે બળીને પ્રકાશ આપતો દિવો પવિત્ર છે અને પ્રેરક છે... અજવાળાનો મહિમા જરૂર છે પણ ઉજાસ એ આગવો મીજાજ ધરાવે છે... ઉજાસ અંતરમાંથી પ્રગટે છે... દિવ્ય દૃષ્ટિથી પ્રગટે છે અને જાતે બળીને પ્રગટે છે... અને એટલે જ એને બે હાથ જોડીને પ્રાર્થીએ છીએ... ઉંડા અંધારે થી પરમ તેજે તું લઈ જા...

# ગાંધીનગર ભાજપના કાર્યકરો પૂનાની આસપાસ પ્રચાર કાર્ય સંભાળશે

ગાંધીનગર, તા. ૬

મહારાષ્ટ્ર વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓના પ્રચાર માટે ગાંધીનગર શહેર અને જિલ્લા ભાજપના કાર્યકરો પૂના જવાના છે. જે એકાદ દિવસમાં રવાના થશે.

મહારાષ્ટ્રમાં મુંબઈ અને પૂનામાં ગુજરાતી વસ્તી ઘણી હોવાથી ગુજરાત ભાજપના કાર્યકોરને ત્યાંના પ્રચાર-અભિયાનની જવાબદારી સોંપવામાં આવી છે.

રાજ્ય મંત્રીમંડળના સભ્યોએ તો ત્યાં ડેરા તંબુ તાણી દીધા છે. કાર્યકરો પણ મોટી સંખ્યામાં રવાના થઈ રહ્યા છે. નવરાત્રી પર્વ સંપન્ન થતાં જ છેલ્લા બે દિવસમાં રાજ્યભરમાંથી કાર્યકરો પ્રચાર અભિયાન માટે પહોંચી રહ્યા છે.

ભાજપના કેટલાક કાર્યકરોની ટીમ તો ત્યાં રસોડા સાથે રવાના થઈ છે જેથી પ્રચાર અભિયાનમાં જમવાની કોઈ તકલીફ પડે નહિ.

ગાંધીનગર શહેર અને જિલ્લા ભાજપના કાર્યકરોને પૂના અને તેની આસપાસના વિસ્તારોની જવાબદારી સોંપવામાં આવી છે. આ માટે કાર્યકરોની યાદી તૈયાર થઈ ગઈ છે અને એકાદ-બે દિવસમાં જ આ કાર્યકરો ખાનગી વાહન દ્વારા પૂના જવા રવાના થશે તેમ પક્ષના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

# હવે સરકારી બોર્ડ નિગમોમાં દિવાળી પૂર્વે નિમણુંકો કરાશે

## આગામી વર્ષે મહાનગર પાલિકા અને પંચાયતોની ચૂંટણી પહેલા સરકાર-સંગઠન વચ્ચેના વધતા અંતરને દૂર કરાશે

ગાંધીનગર, તા.૦૬

ગુજરાતના મુખ્યમંત્રીપદે આનંદીબેન પટેલે સત્તાના સુત્રો સંભાળ્યા બાદ સરકાર અને પક્ષના સંગઠન વચ્ચે વધી રહેલા કથિત અંતરને ઘટાડવા હવે મુખ્યમંત્રીએ કાર્યકરોને રાજી રાખવા બોર્ડ નિગમોમાં નિમણુંકો તરફ નજર દોડાવી છે અને દિવાળી પહેલા અથવા તો પછી તુરંત જ બોર્ડ નિગમોમાં નિમણુંકોનો તખ્તો ગોઠવાઈ રહ્યો હોવાની માહિતી પણ સુત્રો પાસેથી પ્રાપ્ત થઈ છે.

લોકસભાની ચૂંટણી પત્યા બાદ

● અનુસંધાન પાન-૭ પર

## 'આસોની મધ્યાહને..ચૈત્ર ચડયો આકાશ'

# ગાંધીનગરમાં ગરમીનો પારો ૩૭ ડિગ્રી

ગાંધીનગર, તા.૬

ચોમાસાની વિધિવત વિદાય બાદ ગાંધીનગર ગરમીમાં શેકાઈ રહ્યુ છે. આજે ગાંધીનગરમાં ગરમીનો પારો ૩૭ ડિગ્રીએ પહોંચ્યો હતો જે કદાચ આસો માસમાં નોંધાતી ગરમી કરતાં ઘણો વધારો છે.

ગરમીને કારણે લોકો આસોની ગુલાબી ઠંડીની આહલાદકતા પણ માણી શકતા નથી. ગરમીના પ્રકોપને કારણે વાતાવરણમાં મોડી રાત સુધી બફારો જોવા મળી રહ્યો છે.

આ સમયગાળા દરમ્યાન વિજળીની માંગ પણ ઉનાળા જેવી જ રહેવા પામી છે. વીજળીની માંગ વધી રહી છે. ગરમીના કારણે લીલા શાકભાજીની આવકો પણ ઘટવા પામી છે. અને તેની સીધી અસર બજારભાવો પર પડી રહી છે. આ ઉપરાંત જનજીવન પર વિપરીત અસરો પડી રહી છે.


શહેરમાં મેલેરિયાના છુટા છવાયા કેસો ઉપરાંત વાઈરલના દર્દીઓની સંખ્યા વધી છે.

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત

ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | | |
|---|---|---|
| ગુજરાત ખાદી | ૨૫ % | વળતર |
| ગુજરાત ખાદી તૈયાર કપડાં | ૨૫ % | વળતર |
| પરપ્રાંત ખાદી | ૧૫ % | વળતર |
| પરપ્રાંત ખાદી તૈયાર કપડાં | ૧૫ % | વળતર |
| રેશમ ખાદી | ૧૫ % | વળતર |

વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્ષ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ



ખાદી ગ્રામોદ્યોગ ભવન

સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩



ખાદી ગ્રામોદ્યોગ ભવન

સ્વામી વિવેકાનંદ બજાર, કિર્તિધામ સામે, વાવોલ

ગૃહ વસ્તુ ભંડાર

સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન નં. ૨૩૨૨૨૭૬૧

સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦

નોંધ : ત્રણે કેન્દ્રો તા.૧/૧૦/૨૦૧૪ થી ૨૩/૧૦/૨૦૧૪ સુધી વેચાણ ચાલુ રહેશે.